ગાંધીનગર સમાચાર
તા. 3-3-૨૦૧૫, મંગળવાર

તંત્રી સ્થાનેથી....

ભાજપની ભાગીદારીમાં જમ્મુ-કાશ્મીરની ગાદી સંભાળતા મુફ્તી

વિશ્વનાથ પ્રતાપસિંહની સરકારમાં ગૃહમંત્રી પદ સંભાળી ચૂકેલા પીડીપીના નેતા મુફ્તી મહંમદ સઈદ ફરી એક વાર જમ્મુ-કાશ્મીરની ગાદી પર બિરાજમાન થયા છે અને તે પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદ સાથે. ભારતીય જનતા પાર્ટીના રાજકારણમાં આ ઘટના 'સમાધાન' ઐતિહાસિક ગણાશે, કારણ કે પીડીપી સાથે સત્તામાં ભાગીદારી કરવા માટે એને કલમ-૩૭૦ વિશે પૂરાં છ વર્ષ સુધી મોઢું બંધ રાખવાની ફરજ પડી છે. ભાજપ કોઈ પણ ભોગે કાશ્મીરમાં સત્તાની ભાગીદારી ઈચ્છતું હતું, એને તો વળી મુખ્યપ્રધાનપદું મેળવવાના અભરખા હતા, અને બદલાયેલા સંજોગોમાં પડયો પોદળો ધૂળ લીધા વગર ન રહે એ ન્યાયે નાયબ મુખ્યમંત્રી પદ તથા પ્રધાન મંડળમાં અડધોઅડધ ખાતાં તો ઓળખી લેવામાં જ એને શાણપણ વરતાયું છે. આશ્ચર્યની વાત એ છે કે સંઘ દ્વારા ડેપ્યુટ કરાયેલા રામ માધવ ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી છે અને એમણે જ આ સમાધાન સૂત્રો તૈયાર કરીને ચૂંટણીનાં પરિણામો પછી સરજાયેલી મૂંઝવણ ભરી પરિસ્થિતિનો ઉકેલ આણીને મુફ્તી સાહેબ માટે સત્તાનો માર્ગ મોકળો કરી આપ્યો હતો. મહેબૂબા મુફ્તીએ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સાથે કરેલી મંત્રણાને અંતે મુફ્થી મોહંમદ સઈદ વડાપ્રધાન મોદીને મળવા આવ્યા હતા અને એમને ધરાર નાકલીટી તણાવામાં એમને ધારી સફળતા સાંપડી હતી. કાશ્મીરી પંડિતોના પુનર્વસનની ફોર્મ્યુલા સ્વીકારનારા મુફ્તીએ ગાદી સંભાળતાની સાથે એમના પાકિસ્તાન તરફી વલણનો પરચો બતાવી દીધો છે. એમણે જે પહેલું જ નિવેદન કર્યું તે મુજબ પાકિસ્તાન સાથેનાં એમના મીઠા સંબંધોને કારણે જ ઘાટીમાં ચૂંટણીના દિવસો દરમિયાન હુમલા નહોતા થયા; વળી સજ્જાદ લોનને મંત્રીમંડળમાં સમાવવાથી અલગતાવાદી પરિબળો સાથે વાતચીત માટેની સાનુકૂળતા વધશે એવી આશા બંધાઈ હોવાનું નિવેદન પણ એમની માનસિકતાને જ ઉજાગર કરે છે. કાશ્મીર ઘાટીમાં સૈન્યને મળેલા વિશેષાધિકારો પણ કાળક્રમે પાછા ખેંચવા પડશે. આ તમામ પ્રકારનાં સમાધાન ફક્ત સત્તામાં ભાગીદારી માટે ભાજપની રાષ્ટ્રીય નેતાગીરીએ સ્વીકારવા પડ્યા છે. શ્યામાપ્રસાદ મુખરજીની શહીદીના નામે કાશ્મીરને રાષ્ટ્રીય મુદ્દો બનાવનારા ભાજપનાં નેતાઓ મુફ્તીના શરણે ગયા છે. મોદીએ કાશ્મીરને ભારત સાથે જોડતી ૩૭૦મી કલમને શિરોમાન્ય ગણવી પડી છે, તે જ શું એમનો નૈતિક પરાજય નથી? આખા ઉપક્રમમાં શ્યામાપ્રસાદ મુખરજી હાર્યા છે અને મુફ્તીમહંમદ સઈદ જીત્યા છે. મુફ્તી મહંમદ સઈદ કોઈ પણ મુદ્દે એમના વલણમાં પીછેહઠ કરે તે ઘાટીના એમના મતદારો તાબડતોબ એમનો જવાબ માગે એમ હતા. એથી તેમણે પોતાની શરતે ભાજપનું સહભાગીપણું સ્વીકાર્યું છે આથી કાશ્મીર ઘાટીમાં ભાજપના જમ્મુ વિસ્તારના અગ્રણીઓ લાલ લાઈટની ગાડીઓ તો ફેરવી શકશે, પરંતુ એમના આ અનૈતિક જોડાણને દેશની પ્રજા કેવી રીતે મૂલવશે એ તો સમય જ કહેશે. કહેવાતાં બિનસાંપ્રદાયિક પરિબળો પીડીપીને બિનશરતી ટેકો આપવાની ઓફર કરી ચૂક્યાં હોવા છતાં વિચક્ષણ પીડીપીને મોદી સાથે ગઠબંધન કરવામાં પોતાનું અને પ્રદેશનું શ્રેય જોયું છે. નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસને સત્તા બહાર રાખવાના મિશનમાં એમને સફળતા સાંપડી છે, પરંતુ ભાજપ સાથેનું ગઠબંધન એમને કેટલું ફળશે એ પણ સમય જ કહી શકશે.

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત

સરકારી પોલીટેકનીકની ૬૦ વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં માધ્યમથી સેક્ટર-૨૬ સ્થિત સરકારી પોલીટેકનીક ખાતે ૬૦ વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલ આ શિબિરમાં ૬૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવની વિવિધ ટેક્નિકસનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં નિષ્ણાત પ્રશિક્ષક શ્રી સુરજ ત્રિપાઠી તથા મદદનીશ શિક્ષક શ્રી પરશુરામ રાઠોડ દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

દરરોજ દોઢ કલાક સુધી આ વિદ્યાર્થીનીઓને હાથ અને પગ દ્વારા કેવી રીતે પ્રહાર કરી શકાય તથા તેના દ્વારા કોઈ આપણા ઉપર પ્રહાર કરે તો કેવી રીતે બચાવ કરી શકાય તે શીખવવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોઈ છેડતી કરે ત્યારે કેવી રીતે પ્રતિકાર કરવો અને પોતાની પાસે રહેલા બોલપેન, હેરપીન વગેરેનો કેવી રીતે સ્વરક્ષણ માટે ઉપયોગ કરી શકાય તેનું ક્રિયાત્મક જ્ઞાન આપવામાં આવ્યું હતું.

આ શિબિરનો સમાપન સમારોહ તાજેતરમાં યોજાઈ ગયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે સુરક્ષા સેતુ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પી. સી. વલેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વાડોકાઈ કરાટે અકેડમીનાં ટેક્નિકલ ડાયરેકટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા પોલીટેકનીકનાં આચાર્ય શ્રી વી. એન. ઉપાધ્યાય, વુમન સેલનાં કન્વિનર શ્રીમતી આર. પી. મરચન્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે શ્રીમતી આશાબહેન સરવૈયા, નંદાબહેન ચૌહાણ, શિલ્પાબહેન પટેલ, વર્ષાબહેન ભટ્ટ, શ્રી સંપતભાઈ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

મુખ્ય અતિથિ શ્રી પી. સી. વલેરાએ પોતાના વ્યાખ્યાનમાં વિદ્યાર્થીનીઓને જ્યારે કોઈ છેડતી કરે ત્યારે છેડતી કરનારને જતો કરવાને બદલે મક્કમતાથી પ્રતિકાર કરવા પ્રેરણા આપી હતી. તેમણે સુરક્ષા સેતુ પ્રોજક્ટ અંતર્ગત ચાલતી મહિલા હેલ્પ લાઈન વિશે માહિતી આપી હતી. જરૂર પડે ત્યારે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી પોતાને થઈ રહેલા અન્યાય, શોષણ બાબતે ફરિયાદ કરવાની હિંમત દાખવવા તેમણ વિદ્યાર્થીનીઓને શીખ આપી હતી. કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વ્યાખ્યાનમાં વિદ્યાર્થીનીઓને શિબિરમાં મેળવેલ જ્ઞાનનો નિયમિત અભ્યાસ કરવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે લાંબા સમય સુધી સતત અભ્યાસ કરતા રહેવાથી ધીમે ધીમે પ્રહાર કરવાની શક્તિ અને ઝડપ બંને વધી જશે. તેમણે વિદ્યાર્થીનીઓને આ કળાનાં મહત્વ વિશે વિસ્તૃત સમજ આપી હતી. પોલીટેકનીકનાં આચાર્ય શ્રી વી. એન. ઉપાધ્યાયે આ કાર્યક્રમનાં ભરપુર વખાણ કરી કહ્યું હતું કે દરરોજ વિદ્યાર્થીનીઓ દ્વારા જે ઉત્સાહથી પ્રશિક્ષણ લીધું છે તે મેં જાતે જોયું છે. આ જ્ઞાન ખૂબ મહત્વનું હોવાનું જણાવી તેમણે પોલીટેકનીકની તમામ વિદ્યાર્થીનીઓ માટે આ પ્રકારનો કેમ્પ યોજવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમનાં પ્રારંભમાં જ શિબિરાર્થી વિદ્યાર્થીનીઓ દ્વારા તેમણે પ્રાપ્ત કરેલ વિદ્યાનું રોમાંચક નિદર્શન કર્યું હતું. વિદ્યાર્થીનીઓ દ્વારા નળીયાનું બ્રેકીંગ કરી તેમણે પ્રાપ્ત કરેલ શક્તિ તથા આત્મ વિશ્વાસનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમનાં અંતે આભારવિદ્યિ શ્રીમતી આર. પી. મરચન્ટ દ્વારા કરવામાં આવી હતી. આ કેમ્પનાં સંયોજિકા શ્રીમતી આશાબહેન સરવૈયાએ પણ અંતમાં સૌનો આભાર માન્યો હતો.

આર.એન.પટેલ પ્રાથમિક સ્કૂલમાં કાયદાની જાણકારીનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨

આપણા દેશમાં કાયદા ખુબજ છે. દરેક વ્યક્તિને અધિકાર મળે તેવા નિયમો છે. પરંતુ નિયમો કે કાયદાની અજ્ઞાનતાના કારણે પુરતો લાભ મેળવી શકતા નથી. ક્યારેક ગુનેગાર છટકી જાય છે. તો નિર્દોષને દંડ થાય છે. આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં સમાજમાં કાયદો અને ન્યાયની આવશ્યકતા પર કાર્યક્રમ યોજાયો હતો.

સેક્ટર-૨૩ સ્થિત શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટના જાણીતા વકીલ મુકેશભાઈ પ્રજાપતિ, વિપુલભાઈ પ્રજાપતિ અને હિતેશભાઈ પ્રજાપતિ દ્વારા સમાજમાં કાયદો અને ન્યાયની આવશ્યકતા પર માહિતી આપવામાં આવી હતી.

હરિની દૃષ્ટિ...

હવે ખબર પડી... ધર્મગુરુઓ હોંશિયાર છે... એ લોકો કાયમી માસ્ક પહેરી જ રાખે છે.. !

આજે વાવોલમાં સુંદરકાંડ પાઠ અને શિવ વિવાહ પ્રસંગ

વાવોલ હરિનગરમાં ગોસ્વામી ભારત બાપુની વ્યાસપીઠે ચાલતી શિવકથામાં આજરોજ મંગળવારે શિવ વિવાહ પ્રસંગ યોજાશે. બપોરે ૩ થી ૬ દરમિયાન શિવવિવાહ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા શિવ ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમજ રાત્રે ૮.૩૦ વાગે સંજયભારતી બાપુની વ્યાસપીઠે શિવકથા સ્થળે સુંદરકાંડ પાઠ યોજાશે. જેનો સર્વે નગરજનોને લાભ લેવા આમંત્રણ અપાયું છે.

ગાંધીનગરના સંવેદનાસભર સર્જકે ગુજરાતી ગઝલ આકાશના આંગણે દીધી દસ્તક

ગુજરાતી સાહિત્ય પરિષદના પરિસરમાં જામી 'ક્ષણોની મહેફીલ'

ઋતુઓની રાણી વસંતની શરૂઆત. થોડી થોડી ઠંડી અને થોડી થોડી ગરમી. બાકી હતું તો વરસાદના અમી છાંટણા પણ થઈ ગયા. પ્રસંગ હતો 'ક્ષણોની મહેફીલ' માણવાનો, સંજોરવાનો અને સત્કારવાનો. શનિવારની એ સાંજ ગઝલને નામે હતી. ગુજરાત સાહિત્ય પરિષદના આંગણે ગાંધીનગરના સર્જક - ગઝલકાર ડૉ. મુકેશ જોષીનો ગઝલ સંગ્રહ 'ક્ષણોની મહેફિલ' લોકાર્પિત થયો.

ઈશ્વરે આપેલી, સુખના સરોવર છલકાવતી પ્રત્યેક ક્ષણને, આપણે ક્ષુલ્લક વાતોના ઝંઝાવાતોમાં વેડફી મારીએ છીએ! અને પછી - એ જ સુખની ક્ષણોને શોધવા પાછળ પૂરી જિંદગી વેડફતા રહીએ છીએ. 'શબ્દપ્રીત' હર્ષદ પંડ્યાના એકવાર વાંચેલા આ શબ્દો શનિવારની એ સાંજે ગુજરાતી સાહિત્ય પરિષદના સભાખંડમાં મારા માનસપટ ઉપર સતત અને સખત રીતે ઉમડ્યા કર્યા. કુદરત પણ જાણે એમાં સૂર પુરાવતી હોય એમ લાગ્યુ.

શબ્દનો શણગાર
- પુલક ત્રિવેદી

ગુજરાતી ભાષામાં ગઝલ ક્ષેત્રે હવા બદલાઈ રહી છે. બદલાતી હવાના મઝાના મિજાજને ઉજાગર કરતા યુવા અને તરોતાજા વિચારોથી શબ્દોની સેર સજાવતા ડો. મુકેશ જોષીના ગઝલ સંગ્રહ 'ક્ષણોની મહેફિલ'નું ગુજરાતી સાહિત્ય પરિષદના અંગણે દબદબાપૂર્વક અને સૌજન્યશીલ લોકાર્પણ થયું. અરે એમ કહીએ કે, ગુજરાતી ગઝલ આકાશની અટારીમાં એક વધુ તેજસ્વી અને ઓજસ્વી શબ્દના આરાધક એવા ડો. મુકેશ જોષી નામક ગઝલસિતારાનો ઉદય થયો.

આ આખા ગઝલાવરોહણ સમારોહની ગરિમાપૂર્ણ વાત તો એ હતી કે જેની ગઝલ હજારો-લાખો ગુજરાતીઓ ગૌરવભેર મમળાવે છે, એવા ગઝલ સમ્રાટો શ્રી રાજેશ વ્યાસ 'મિસ્કીન', ધુની માંડલિયા અને હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'ની ત્રિવેણી સહિત અનેક જાણીતા ગુજરાતી કવિઓ અને ગઝલકારોએ ડો. મુકેશની 'ક્ષણોની મહેફિલ'ના ગઝલાવરોહણ માંડવે આવીને મસ્તીથી ડો. મુકેશને પોખ્યાં.

'મિસ્કીન' સાહેબે મઝાની વાત કહી કે, ડો. મુકેશ જોષી સાહિત્યના ઉત્તમ ભાવક લાગે અને અંગત રીતે શબ્દોને કાગળ ઉપર ઉતારતા જાય, અને ગઝલો રચાતી જાય, ડાયરીના પાના ભરાતા જાય અને એ સાથે જ એક ભાવકનું સર્જકમાં રૂપાંતર થાય.

'કો ક દિન એવો ય મારો હોય છે,
થાક લાગે ત્યારે કિનારો હોય છે
શેર સદ્યળા દાદ માંગી ના શકે
લાખોમાં એકાદ સારો હોય છે

શેરને ટાંકતા ગઝલકાર રાજેશભાઈ વ્યાસ 'મિસ્કી'ને કહ્યું કે, ભાઈ મુકેશની બધી ગઝલો તેમનો રિયાઝ છે. તેમના આ ગઝલ સંગ્રહને આવકારીએ. ઉત્તમ પંક્તિની રાહમાં... આમ જોવા જઈએ તો 'ઉત્તમ અને 'શ્રેષ્ઠ' શબ્દ આવે ત્યાં સર્જન સમાપ્ત થાય. ડો. મુકેશની ગઝલયાત્રા શ્રેષ્ઠ શેરના સર્જનની ભૂખમાં અનેક નવા શેર અને ગઝલ હજુ આવતા રહેશે.

શબ્દ જયારે સમજણો થાય છે, અર્થ ત્યારે કંકુવર્ણો થાય છે જેવા ઘણા અર્થપૂર્ણ વિચારોને શબ્દોમાં ગુંથી ગુજરાતને ઘેલું લગાડનારા જાણીતા ગઝલસર્જક ધુની માંડલિયાએ ડો. મુકેશ જોષીની 'ક્ષણોની મહેફિલ'ને પોંખતા કહ્યું હતું કે, હું આખા આ ગઝલસંગ્રહમાંથી પસાર થયો છું અને તેમાં 'ગઝલ'ની સમજને લગતા શેર ગમતીલા લાગ્યા છે. ડો. મુકેશે કહેલો એક શેર ટાંકતા ધુની સાહેબે 'ક્ષણોની મહેફિલ'ને ઓર રંગીન બનાવી દીધી.

'તું ગઝલનો શેર છે, ગુલામ ના થઈશ
તું ગઝલના કેફમાં ચકચૂર ના થઈશ
મહેફિલ છે, તાળીઓનો રીવાજ છે અહી
ઓ દોસ્ત ! સાંભળીને, મગરૂર ના થઈશ

હર્ષદ પંડ્યા શબ્દપ્રીત એમના આગવા અંદાજમાં કહે છે કે, સંવેદનામાં મોટો ભાગ વેદના નો છે અને વેદનામાં મોટો ભાગ વેદનો હોય છે. વ્યવસાયે સિવિલ ઈજનેર અને ઈંટ, પથ્થર, સિમેન્ટ સાથે નિસ્બત ધરાવતા ડો. મુકેશ જોષીની સિમેન્ટ સાથે સંવેદના માણવા જેવી છે. એમની આગવી શૈલીમાં શબ્દપ્રીતે કહ્યું કે, ડેમ, પુલ અને મકાનો બાંધતા સિવિલ ઈજનેરો પથ્થર, ઈંટ, સિમેન્ટ જેવા સખત નહી પણ સંવેદનાસભર, મુલાયમ અને ઋજુ હોય છે એ ડો. મુકેશ જોષીના શબ્દો અહેસાસ કરાવે છે.

જાણીતા સાહિત્ય સર્જક અને કવિ હરદ્વાર ગોસ્વામીએ મિત્ર ડો. મુકેશની ક્ષણોની મહેફિલનો શબ્દ માંડવો તેમના ભાવવાહી શબ્દપુષ્પોથી જબરો મહેકાવ્યો હતો.

ડો. મુકેશ જોષી વ્યવસાયે સિવિલ ઈજનેર અને સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના એક વરિષ્ઠ અધિકારી. વ્યવસાય ક્ષેત્ર ભલે ઈજનેરીનું રહ્યું. પરંતુ બાળપણથી જ વાંચન, લેખન, મનન અને ચિંતન ડો. મુકેશ જોષીના અભિન્ન અંગો રહ્યા છે. ડો. મુકેશના રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૮૦થી પણ વધુ સંશોધનપત્રો સ્ટડી પેપર્સ પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. પરંતુ ૧૦૩ ગઝલ પત્રો ઉપર રજૂ થયેલી શબ્દઆરાધના ક્ષણોની મહેફિલ ડો. મુકેશના મન-મસ્તિષ્કને ભર્યું ભર્યું બનાવી મુકે છે. ડો. મુકેશને શબ્દોની સાધના અને આરાધનાથી હૃદય તરબતર થતું હોય એમ લાગે અને મેઘાણીજીની કલ્પના સ્વયંમ્ અનુભવે 'મન મોર બની થનગાટ કરે...'

કોઈએ ડો. મુકેશને કહ્યું સરકારી વરિષ્ઠ અધિકારીની બેસુમાર વ્યસ્તતા વચ્ચે શબ્દોની ગુંથણી અને ગઝલોનો સમય શે મળે તમને ? ત્યારે ડો. મુકેશ જોષીએ મઝાનો પ્રત્યુતર પાઠવ્યો...

'આ તો મારો જૂનો શોખ, જે થયો ઉઘાડો છોગ,
એમ જ સમય કાઢુ, જેમ દિવાલે હોય છે ગોખ

'ક્ષણોની મહેફિલ'ના માંડવે એક બીજી મોજ કરાવે એવી ઘટનાની નોંધ લેવી રહી કે લોકાર્પણના અંતે 'આભારવિધિ' ન કરાઈ પણ આનંદવિધિ કરાઈ. જેમાં ધુની માંડલિયા, ચંદ્રેશ મકવાણા નારાજ, ભાવેશ પટણી બેશુમાર, ડો. મનોજ જોષી જેવા જાણિતા ગઝલકારોએ તેમની ગઝલોનો આનંદ સાથે આસ્વાદ કરાવ્યો.

આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. દ્વારા પ્રકાશિત 'ક્ષણોની મહેફિલ' શબ્દ અને સાહિત્યના અભિભાવકો વિક્રેતા પાસેથી રૂ. ૧૨૦ની કિંમતે મેળવી આસ્વાદ માણી શકશે.

અને હાં, એક સુખદ સમન્વય પણ ફેબ્રુઆરી મહિનાની ૨૮મી તારીખ અને શનિવારના દિવસે સર્જાયો. આ દિવસ ડો. મુકેશ જોષી માટે હંમેશા યાદગાર બની રહેશે કારણ, ફેબ્રુઆરી ૨૮ ડો. મુકેશનો અને તેમના પ્રથમ ગઝલસંગ્રહ 'ક્ષણોની મહેફિલ' બન્નેનો જન્મદિન... પેલા ફિલ્મનુ ગીત જરા જુદી રીતે ગાવાનુ મન થાય કે, 'તુમ જીઓ હજારો સાલ, એક સાલ કે દિન હો પચાસ હજાર ઔર હર દિન બન જાય ગઝલ કા ત્યોહાર...'

"રંગોની અનુભૂતિનો ઉત્સવ એટલે રંગોત્સવ"

વાતાવરણના ફેરફારોને અને રંગોના ફુવારાને સૌ સાથે મળીને માણીએ અને મનમૂકીને રંગોના આ પર્વ 'ધૂળેટી'ને ઊજવીએ !

વિચારસભા
- નેહલ જયદીપ ગઢવી

લાલ લાલ લાલ લાલ, રંગ પેલા કેસુડાનો;
તરુ તરુ પર પથરાયો ! ઋતુઓનો રાજા પેલો,
ફાગણ આંગણ આવ્યો;
અલબેલો લહેરાયો કે આયો ફાગણ ફોરમતો આયો....

ધૂળેટી એટલે રંગોનો ઉત્સવ, જીવનમાં અનેક રંગોનું સુંદર અને મનમોહક મિશ્રણ છવાયેલું છે. દરેક રંગનું પોતાનું એક આગવું જ મહત્ત્વ ! 'બ્લેક એન્ડ વાઇટ' જીવન દરેક વ્યક્તિને માટે ખૂબ ભયજનક અવસ્થા હોય છે. પણ દરેકના જીવનમાં એવો પણ એક તબક્કો ઉંમરના કોઇને કોઇ મુકામે, કોઇ પડાવે અચૂક આવે જ છે ! પણ તેમ છતાં આપણે સૌએ તો જીવન-નૈયા સૌંદર્યનું ગાણું ગાતા-ગાતા હસતે મુખે જ વીતાવવાનું છે. કવિશ્રી મકરન્દ દવે લખે છે તેમ,

"સૌંદર્યનું ગાણું મુખે મારે હજો, જ્યારે પડે ઘા આકરા.
જ્યારે વિરૂપ બને સહુ, ને વેદનાની ઝાળમાં
સળગી રહે વન સામટાં, ત્યારે અગોચર કોઇ ખૂણે
લીલવરણાં, ડોલતાં, હસતાં ફૂંણાં, તરણા તણું ગાણું મુખે મારે હજો,
સૌંદર્યનું ગાણું મુખે મારે હજો..., આવતાં જેવું હતું
જાતાંય એવું રાખજો !, ઉત્સવ તણું ટાણું સુખે ત્યારે હજો !
સૌંદર્યનું ગાણું મુખે મારે હજો."

જીવનનો આ પ્રવાસ એક સાહસી પ્રવૃત્તિ સમાન હોય છે. તેમાં ઘણાં ઉતાર-ચડાવ, ઢોળાવોને વળાંકો આવે છે પણ કવિશ્રીએ ઉપરોક્ત પંક્તિમાં કહ્યું તેમ બાળક જન્મે ત્યારે જે પ્રકારનો ઉલ્લાસ-ઉત્સવ અને રંગબેરંગી જીવન હોય તેવું જ વાતાવરણ તેની વિદાય વેળાએ પણ અકબંધ જળવાયેલું રહે તે અગત્યનું છે. વાતાવરણમાં અત્યારે અચાનક જ અણધાર્યા ફેરફારો વર્તાઇ રહ્યા છે. વહેલી સવારે તેમ જ રાત્રીના સમયે ઠંડીના સુસવાટા મારે એવો કાતિલ પવન અને બપોરના સમયે અકળાવી નાખે તેવો અસહ્ય તાપ હોય છે. અને સ્વાઇન ફ્લુના ભયનાક આવરણમાં અચાનક આવેલા આ કમૌસમી વરસાદે તો નાના-મોટા સૌએ વાતાવરણના આ મિજાજનો ભોગ બનવું પડે છે. પણ, ગુલમ્હોર તો પોતાની મસ્તીમાં ખીલી જ ઊઠે છે. એને આ કુદરતની પરવા જ ન હોય તેમ એ હસતાં-ખેલતા જ રહે છે. માટે જ કવિશ્રી રમેશ પારેખ લખે છે,

"વાયુ અણિયાળો બન્યો એનીય ના પરવા કરી
મન ઉઝરડાતાં થયાં ગુલમ્હોર મો'ર્યા એટલે
શબ્દકોશો ને શરીર કોશોની પેલે પારના
પર્વ ઊજવાતાં થયાં ગુલમ્હોર મો'ર્યા એટલે..."

હોળી-ધૂળેટીના પર્વનું ધાર્મિક મહત્ત્વ શું છે એ વિશે તો આપણે સૌ જાણીએ જ છીએ. પરંતુ, આજકાલ તેના આદિકાળથી ચાલી આવતા ધાર્મિક માહાત્મય ઉપરાંત ઉજવણીમાં આધુનિક ફેરફારો જોવા મળે છે. કૃત્રિમતામાં કુદરતનો આનંદ શી રીતે માણી શકાય ? પ્લાસ્ટિકના ફૂલોમાં દેખાવની દૃષ્ટિએ પુષ્પના તમામ ગુણધર્મો મોજૂદ રહે છે. પરંતુ, પુષ્પની એ કુદરતી સુવાસ-મહેંકનો તેમાં સદંતર અભાવ હોય છે. પ્રકૃતિ એટલે સહજ સ્વભાવ, સંસ્કૃતિ એટલે સહજ સ્વભાવથી ઉપર ઊઠવું. વિકૃતે એટલે સહજ સ્વભાવથી નીચા પડવું. ધૂળેટીના પર્વમાં નિર્દોષ રંગોત્સવ હોવો એ પ્રકૃતિ ગણાય. અને રંગોના આ પર્વે પૂર્ણિમાનો ઉપવાસ રાખીને ઇશ્વર સ્મરણ કરવું તે સંસ્કૃતિ છે તેમ જ રંગોના આ પર્વને માણવા ફૂલ વોલ્યુમમાં ગીતો વગાડીને દારૂના નશામાં ચકચૂર બની આસપાસના વાતાવરણને કલૂષિત કરવું એ વિકૃતિ છે. ઘણીવાર આપણે વિકૃતિને પણ સંસ્કૃતિ માની લેવાની ભૂલ કરી બેસીએ છીએ. અપણે ત્યાં પ્રાચીન કાળથી કોઇ એક ચીજ ચાલી આવતી હોય, પણ તે જો વિકૃતિ હોય તો તેનો સ્વીકાર કદાપિ ન જ થવો જોઇએ. વિકૃતિ બીજાઓની હોય કે આપણી હોય, એ સદંતર વર્જ્ય છે. તે જ રીતે પ્રકૃતિને સ્વીકારવી તો ખરી જ પરંતુ તેની સાથે સાથે તેને હરહંમેશ સંસ્કૃતિનું રૂપ આપતા રહેવું. પ્રકૃતિથી ઉપર ઊઠીને આપણી આ સંસ્કૃતિ સદાઇ છે. એવી આપણી આ ભારતીય સંસ્કૃતિને આપણે માત્ર જાળવવાની જ નથી પરંતુ, આગળ પણ વધારવાની છે.

હાં રે અમે ગ્યાં' તાં, હાં રેંગના ઓવારે.
કે તેજના ફુવારે, અનંતના આરે.
કે રંગ રંગ વાદળિયાં - હાં રે અમે જાગ્યાં
ગુલાલ ભરી ગાલે, ચંદન ઘરી ભાલે,
રંગાયાં ગુલાલે, કે રંગ રંગ વાદળિયાં....

- સુંદરમ્

કુદરતની આ સુંદર રચનામાં જયાં જુઓ ત્યાં રંગનો એક ફુવારો છે, પ્રભાતનું લાલિત્ય હોય કે સંધ્યાનું સતરંગી નભ હોય કે તારે મઢેલી રાત હોય દરેકમાં એક નવો રંગ આપણે જોઇએ છીએ. સૃષ્ટિનું આ સર્જન જોઇને આપણને પણ ઘણીવાર લાગે કે સૃષ્ટિનો સર્જક એક ઉત્તમ ચિત્રકાર હશે કે જે વિવિધ રંગોની રંગોળીનું મનમોહક સર્જન કર્યા કરે છે ! આપણે આ રંગોનો મન ભરીને આનંદ કઇ રીતે માણી શકીએ તેનો સંપૂર્ણ આધાર આપણા પર જ રહેલો છે. કવિશ્રી ઝવેરચંદ મેઘાણી પોતાની ભાતીગળ શૈલીમાં લખે છે કે,

"એક આભ સાથે ચાંદરડું, ચાંદરડે રાતાં તેજઃ
ભમર રે રંગ ડોલરિયો. એક સિંધુ-પાળે સાંજલડી,
સાંજડીએ રાતા હોજઃ ભમર રે રંગ ડોરલિયો."

ઇશ્વરે જયારે આપણને આવું અપ્રતિમ સૌંદર્ય અને આવા સુંદર રંગોની ભેટ ધરી હોય ત્યારે કૃત્રિમ રંગો અને કૃત્રિમ આનંદની આપણે શું જરૂર ? શા માટે રંગોના આ મહોત્સવને મહેકવા ન દઇએ ? શું જરૂર છે કાદવ-કીચડથી આ રંગોત્સવને ખરડાવી મૂકવાની ? યૌવનનો નશો, સંધ્યાના રંગોનો નશો અને તરવરાટનો નશો શું આપણ માટે પૂરતો નથી ? તો આપણે શા માટે શરીર અને મન પરનો કાબૂ ગુમાવી બેસીએ એવા નશાને સેવીએ ? કુદરતના આ રંગોને માણીએ અને એના જ કુદરતી નશામાં ચકચૂર બની નાચી ઊઠીએ તો રંગોના આ ઉત્સવને પોતાના મૂળ સ્વરૂપમાં માણી શકીશું અને ખરા અર્થમાં રંગોત્સવની ઉજવણીને રંગીન બનાવી શકીશું, તો આવો બાળસહજ કુતૂહલતાપૂર્વક કવિશ્રી સુંદરમ્ની સાથે આપણે પણ પૂછીએ :

"હું તો પૂછું કે મોરલાની પીંછીનાં રંગ-રંગવાળી આ ટીલડી કોણે જડી?
વળી પીછું કે મીંદડીની માંજરી-શી આંખમાં ચકચકતી કીકીઓ કોણે મઢી ?"

ચાલો, વાતાવરણના ફેરફારોને અને રંગોના ફુવારાને સૌ સાથે મળીને માણીએ અને મનમૂકીને રંગોના આ પર્વ 'ધૂળેટી'ને ઊજવીએ!